sankalp INTERNATIONAL SCHOOL

# ઉત્તરાયણ



ઉતરાયણ એટલે અંગ્રેજી મહિના પ્રમાણે આવતો હિંદુ ધર્મનો વર્ષનો પ્રથમ તહેવાર. 14 જાન્યુઆરીને આપણે સૌ ઉત્તરાયણ તરીકે ઉજવીએ છીએ. આ દિવસે સૂર્ય માથાની સીધી દિશાથી એકદમ દક્ષિણ દિશા તરફ હોય છે. આમ તે ઉત્તર દિશા તરફ ખસવાનું ચાલુ કરે છે, તે દિવસને ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે. ઉત્તરાયણના દિવસે ભારતમાં રાત 13 કલાક અને ૧૨ મિનિટની હોય છે, જ્યારે દિવસ 10 કલાક અને 48 મિનિટ નો હોય છે.

ઉત્તરાયણને મકરસંક્રાંતિના નામથી પણ ઓળખવામાં આવે છે. સૂર્ય જ્યારે એક રાશીમાંથી બીજી રાશીમાં સ્થાનાંતર કરે છે, તે પ્રક્રિયાને સંક્રાંતિ કહે છે. આ પ્રમાણે વર્ષમાં કુલ બાર સંક્રાન્તિઓ હોય છે. તેમાંની સૂર્યની ધનુ રાશિમાંથી મકર રાશીમાં સ્થાનાંતર કરવાની પ્રક્રિયાને મકરસંક્રાંતિ કહે છે. જે 14 જાન્યુઆરી ની આસપાસનો સમય હોય છે. ઈસવી સન 2016 માં જાન્યુઆરી મહિનામાં ખગોળીય દ્રષ્ટિએ મકરસંક્રાંતિ 14 જાન્યુઆરીના બદલે 15 જાન્યુઆરીના દિવસે હતી.

# મકરસંક્રાંતિના 13 રંગો




મકરસંક્રાંતિનો આ તહેવાર બધા રાજ્યોમાં અલગ-અલગ નામથી મનાવવામાં આવે છે.

| રાજ્યનું નામ | સંક્રાંતિના રંગ |
|---|---|
| કાશ્મીર | શિશુર સેંક્રાંત |
| પંજાબ | માઘી / લોહડી |
| ઉત્તરપ્રદેશ | ખીચડી |
| આસામ | માઘ બિહૂ |
| વેસ્ટ બંગાળ | પૌષ સોંગક્રાંતિ |
| ઓડીસા | મકરા સંક્રાંતિ |
| આંધ્રપ્રદેશ | પેડ્ડા પાન્ડુંયા |
| તમિલનાડુ | પોંગલ |
| કેરલા | મકર વિલાક્કુ |
| કર્ણાટક | મકર સંક્રમણ |
| ગોઆ | મકર સંક્રાંતિ |
| ગુજરાત | ઉત્તરાયણ |
| મધ્યપ્રદેશ | મકર સકરાત |

ઉત્તરાયણની પૂર્વે તૈયારીરૂપે કારીગરો વિવિધ પ્રકારની અને જુદા-જુદા કલરની પતંગ બનાવવાની શરૂઆત કરી દેતા હોય છે. દરેક પતંગના આકાર જુદા જુદા હોય છે. તેના રંગ, તેના આકાર અને તેની પૂંછડીના આધારે તેમના નામકરણ કરવામાં આવે છે. પતંગની સાથે સાથે માંજાને પણ રંગવાનું શરૂ કરી દેવામાં આવે છે. ઉતરાયણના એક મહિના અગાઉથી જ આ બધી તૈયારીઓ શરૂ થઈ જતી હોય છે, અને જેમ જેમ ઉત્તરાયણ નજીક આવે તેમ તેમ આ તૈયારી વધારે વેગ પકડતી હોય છે. ઉતરાયણના દિવસની આગળની રાત તો જાણે ઉજાગરાની જ રાત હોય છે. આખી રાત બજારો વિવિધ પ્રકારની પતંગોથી અને માંજાઓથી ભરેલી હોય છે. લોકો ઉતરાયણ ની આગલી રાત્રે પતંગ ખરીદવા માટે પડાપડી કરતા હોય છે. બજારમાં એટલી ભીડ હોય છે કે જાણે કોઈ મેળો જામ્યો હોય એવું લાગે. નાના બાળકો ઉતરાયણની આગલી રાત્રે જ પતંગને કિન્ના બાંધવાનું કામ કરી દેતા હોય છે. જેથી કરીને કિન્ના બાંધવામાં સમય ન બગડે અને ઉતરાયણના દિવસે પતંગ ચગાવવાનો ભરપુર સમય મળી રહે.

ઉત્તરાયણનો દિવસ ઉગતાની સાથે જ બાળકો સવારે વહેલા ઉઠી અને તૈયાર થઇ ને ધાબા પર પહોંચી જતા હોય છે. આખા વર્ષમાં આ એક જ દિવસ એવો હોય છે, જ્યારે નાના બાળકો સૂર્યથી પણ વહેલા ઊઠીને તેનું સ્વાગત કરવા માટે તૈયાર હોય છે. પરોઢિયાના એ પહેલા પ્રહારનો નઝારો જોતા એવું લાગે કે જાણે સૂરજના સ્વાગતમાં બાળકોએ આકાશમાં ફૂલોનો વરસાદ વરસાવ્યો હોય. સવારમાં વહેલા ઉઠી ધાબા ઉપર મોટા લાઉડ સ્પીકર ગોઠવી અને મનગમતા ગીતો વગાડવાની અને પવનમાં પોતાની પતંગ લહેરાવવાની મજા જ કંઈક અલગ હોય છે. અને તેમાં પણ જો આપણી પતંગના બીજા કોઈ પતંગ સાથે પેચ લડાઈ જાય અને સામે વાળાની પતંગ કપાઇ જાય તો વિશ્વ યુદ્ધ જીત્યા જેટલો આનંદ મળે. અને જેની પતંગ કપાઈ ગઈ હોય તેની સામે જોઈને “લપેટ... લપેટ... અથવા કાઈ..પો..છે...” ની બુમો પાડવાની ખૂબ મજા આવે. સવારથી લઇને સાંજ સુધી પતંગ ચગાવ્યા બાદ રાતના અંધારામાં ટુક્કલ ચગાવવાની પણ એટલી જ મજા આવે છે.

રાતના અંધારામાં આખું આકાશ ટુક્કલોથી ભરાઈ જાય છે. ઘણા લોકો ઉતરાયણની રાત્રે ફટાકડા ફોડે છે, તેમજ લાઉડ સ્પીકર પર ગરબા ચાલુ કરી અને અગાસી ઉપર ગરબા પણ રમે છે. આમ ઉત્તરાયણનો પર્વ ધીરે ધીરે અનેક પર્વોનું મિશ્રણ બનતો જાય છે. આ દિવસે નાના ભૂલકાઓથી લઈને વડીલો સુધી સૌ કોઈ પતંગ ચગાવતા હોય છે. એટલે જ આ તહેવાર ક્યારેય પણ ઉંમરનો મહોતાજ રહ્યો નથી. ઉતરાયણને ક્યારેય ઉંમર સાથે કોઈ લેવાદેવા નથી. સૌ કોઈ આ તહેવારની મજા મનભરીને માણે છે. આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં પતંગોત્સવનો કાર્યક્રમ ઉજવવામાં આવે છે. જેમાં વિવિધ રાજ્યો તેમજ વિવિધ દેશોમાંથી આવેલા પતંગ રસિકો ભાગ લેતા હોય છે. વિવિધ પ્રકારની પતંગો આપણને આ પતંગોત્સવમાં જોવા મળે છે. વર્ષ 2012 માં આ કાર્યક્રમની નોંધ ગિનીઝ વર્લ્ડ રેકોર્ડમાં લેવાઈ હતી. આમ ઉતરાયણ એ ફક્ત ગુજરાતનો અને ભારતનો તહેવાર ન રહેતા તેને એક વૈશ્વિક ઓળખાણ મળી છે.

ઉતરાયણના દિવસનું ધાર્મિક મહત્વ પણ એટલું જ છે. પ્રાચીનકાળથી સૂર્ય ઉપાસનાનું મહત્વ રહેલું છે. વિશ્વના સૌથી પ્રાચીન ગ્રંથ ગણાતા ઋગ્વેદમાં સૂર્ય માટે "પતંગ" શબ્દ વપરાયો છે. સૂર્ય મકર રાશિમાં પ્રવેશતા કમૂર્તા પૂર્ણ થાય છે અને લગ્નના માંગલિક કાર્યોનો શુભારંભ થાય છે. મકરસંક્રાંતિનું વિશેષ મહત્ત્વ હોવાથી મહાભારતકાળમાં ભીષ્મએ મકરસંક્રાંતિમાં જ દેહ છોડવાનું પસંદ કર્યું હતું. આમ ઉત્તરાયણનો દિવસ "ભીષ્મ દેહોત્સર્ગ" પર્વ તરીકે પણ ઉજવવામાં આવે છે. આ દિવસે દાન કરવાનો પણ અનેરો મહિમા રહેલો છે. માલિકો પોતાને ત્યાં કામ કરતા કામદારોને વસ્ત્ર, અન્ન અને ધન વગેરે સામગ્રીઓનું દાન કરતા હોય છે. તેના પછીના દિવસે પશુ, પક્ષીઓ ખાસ કરીને ગાયને યાદ કરવામાં આવે છે. ગાયને ઘઉં તેમજ બાજરીની ઘૂઘરી બનાવી ખવડાવવામાં આવે છે. ગરીબોને તલના લાડુમાં સિક્કા મૂકી ગુપ્ત દાન કરવાનો મહિમા પણ રહેલો છે. આ દિવસે નાની બાળાઓના હસ્તે પશુ પક્ષી તેમજ માછલીઓને ભોજન ખવડાવાય છે. ગુરૂજનો પણ આજના દિવસે જ પોતાના શિષ્યોને આશિષ આપે છે. આમ ઉતરાયણ એ માત્ર આનંદ નહીં પરંતુ પુણ્યનું ભાથું બાંધી લેવાનો અવસર પણ છે.

મકરસંક્રાંતિ પર ઘણા મેળાઓનું પણ આયોજન કરવામાં આવતું હોય છે. ખૂબ જ પ્રખ્યાત એવો કુંભનો મેળો પણ મકરસંક્રાંતિ દરમ્યાન જ યોજાય છે. મીની કુંભ મેળો જે દર વર્ષે પ્રયાગમાં અને ગંગાસાગર મેળો, કલકત્તા નજીક ગંગા નદી જે બંગાળના ઉપસાગરને મળે છે, ત્યાં યોજાય છે. કેરળના સબરીમાલા મંદિરમાં મકરસંક્રાંતિ ખુબ ધામધૂમથી ઉજવાય છે.

તલ સીંગ ના લાડુ, મમરા ના લાડુ, ચીક્કી, શેરડી અને ઊંધિયું – આના વગર ઉતરાયણ અધુરી કહેવાય. તેથી જ કહેવાય છે કે,

ચીક્કી કી ખુશ્બુ, લડ્ડુ કી બહાર
ઉત્તરાયણ કા ત્યોહાર આને કો તૈયાર,
થોડી સી મસ્તી, થોડા સા પ્યાર,
મુબારક હો આપકો મકરસંક્રાંતિ કા ત્યોહાર.....

# HAPPY UTTRAYAN